

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*ખૂદની સેના આતંક ઓઠે ને ગાજવા આવ્યા છે,*
*નાપાક ને મૂલ્યહીન વર્તણૂકે લાજવા આવ્યા છે,*
*માંજવા આવ્યા છે ચહેરા પર લાગેલી કાલિમા -*
*લ્યો ! ઘૂસણખોરોના સેનાપતિ 'બાજવા' આવ્યા છે.*
*(નાપાક સેનાના વડા 'શ્રી બાજવા...')*

હાઈકુ

*આંખ માં મદ,*
*યુવા નું અભિમાન -*
*... ને અકસ્માત...*

*ઘરના ચોર,*
*લૂંટે છે સોનું પણ -*
*ખપ પૂરતું...*

### ચિંતન

*નિહકામી નિરમલ દશા, નિત ચરણો કી આશ,*
*તીરથ ઈચ્છા તા કરૈ, કબ આવે વૈ દાસ.*

આપણે પુણ્ય મેળવવાની ભાવનાથી તીર્થયાત્રા, તીર્થસ્થાન અને દર્શન કરીએ છીએ. આ માન્યતા આપણી પરંપરાનો ભાગ છે. કબીર ખૂબ સિફતથી આ ભાવનાની બુનિયાદ પર એક નવી શક્યતાનું નિર્માણ કરે છે. જે વ્યક્તિ કામનારહિત છે, જેનું ચિત્ત નિર્મલ છે, આચાર શુદ્ધ છે, ગુરુચરણોમાં રહી જ્ઞાન ઉપાર્જન કરવા સદાય તત્પર રહે છે. આવો ભક્ત પ્રભુનો ખાસ છે. તેના સત્સંગથી સાચો માર્ગ જડે છે. ભવોભવના ફેરા ટળે છે. કબીર કહે છે કે, સામાન્ય જનને તીરથ કરવાની અદમ્ય ઈચ્છા હોય છે પણ પ્રભુના દાસનાં ચરણોથી પાવન થવા તીરથ તલસે છે. આ રચનાથી કબીર ચીલાચાલુ માન્યતાઓનું ખંડન કર્યા વિના તેની નિરર્થકતા પ્રતિ અંગુલિ નિર્દેશ કરે છે. આજે તીર્થસ્થાનોમાં અસહ્ય ભીડ જોવા મળે છે. લોકો બાધા-માનતા રાખી યાત્રા કરે છે. ઘણાં ધાર્મિક સ્થળોએ સ્વચ્છતાનો અભાવ છે. યાત્રાળુના ધસારા અને સ્પર્શથી અમરનાથનું શિવલિંગ ઓગળી જાય છે ત્યારે તનથી નહીં પણ મનથી તીરથ કરવાનો ઉપદેશ ઉપયોગી છે.

### સુવિચાર

- કામ સાધવા માટે કષ્ટોની ગણતરી નહીં પણ કષ્ટોની બાદબાકી કરવાની આદત કેળવવી પડે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જિંદગીનું લક્ષ્ય કેવળ 'જન બનવાનું નહીં'... પણ 'સજ્જન બનવાનું છે...' - **ચંદ્રકાન્ત મહેતા**
- ઈશ્વર તમને તકલીફો આપે છે તે તમને તોડવા નહીં, તમને તમારી જાત સાથે જોડવા માટે આપે છે - **વજુ કોટક**
- દુઃખ થાય એટલે સમજવું કે વાસ્તવિકતા સાથે યુદ્ધ છે - **ડો. વીજળીવાળા**
- તપ કરે અને જપ કરે, કરે નહીં મન સાફ, તીરથયાત્રા છો કરે, ખુદા ન કરે કદી માફ - **મેકણ દાદા**
- પરમાત્મા શુદ્ધ, બુદ્ધ અને મુક્ત છે, એટલે જો આપણે પરમાત્મામાં ભળવું હોય તો આપણે પણ શુદ્ધ, બુદ્ધ, અને મુક્ત બનવું જોઈએ - **ઝેન કથન**
- આજનું ઔષધ : તાજા મૂળાના પાન ચાવીને ખાવાથી હેડકી બંધ થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

દરેક લોકો પોતાને જ બુદ્ધિશાળી સમજતાં હોય છે અને બીજાના કાર્યક્રમ-આયોજનમાં ચંચૂપાત કરી સલાહ-સૂચન આપ્યાં કરતાં હોય છે. માણસે સાંભળવું (શાંતિથી) બધાનું પણ અંતરઆત્માના અવાજ પ્રમાણે જ કરવું.

બે દેડકા ફરવા નીકળ્યા - ત્યાં ઊંડા ખાડામાં પડી ગયા. આખી રાત ઉંચા કૂદકા માર્યા પણ નીકળી શકાય એમ નહોતું. કુટુંબીજનો આવ્યા. કૂદી થાકીને લોથપોથ થઈ ગયેલા વડીલોને કહ્યું, હવે હેરાન થવાનું રહેવા દ્યો અને શાંતિથી મૃત્યુની રાહ જોયા કરો! ... એક વૃદ્ધ તો સૌનું માની થાકી હારી બેસી રહ્યો અને હિંમત હારી - આત્મબળ ગુમાવી બીજે જ દિવસે મૃત્યુ પામ્યો.

પરંતુ બીજા પ્રૌઢે કૂદવાના કાર્યક્રમ ચાલુ જ રાખ્યો - અંતે એક પ્રયત્નથી ઉપર આવી ગયો.

સગાંવહાલાં એ થાકી લોથ થઈ ગયેલા દેડકાને પૂછ્યું, અમે આટલા બધા બૂમા બરાડા પાડી તને ન કૂદવા માટે કહ્યું છતાં તે બંધ કેમ ન કર્યું ?

દેડકો કહે હું બહેરો છું મને કંઈ સંભળાતું નો'તું પણ તમારા હાથની નિશાની અને હોઠ પરથી મને હજુ જોરથી કૂદવાનું કહો છો એમ સમજી કુદ્યા કર્યું. આત્મબળથી સફળતા મળે -

# લોકતંત્રની બેઉ પાંખો વચ્ચે 'સંવાદ' જરૂરી

સર્વોચ્ચ અદાલતનું સર્વોચ્ચપણું જોખમાતું લાગે ત્યારે કોઈ પણ ચીફ જસ્ટિસ જે ભાષા બોલે તો વર્તમાન મુખ્ય ન્યાયમૂર્તિ ટી એમ ઠાકુર બોલી રહ્યા છે. આમ પણ છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન ન્યાયપાલિકા થોડી વધુ આક્રમક અને પ્રો-એક્ટિવ બની છે કારણ કે લોકપ્રિય સરકારની દુઃખતી રગ એની પણ જાણ બહાર નથી. કેન્દ્ર સરકાર હોય કે રાજય સરાકારો - ન્યાય તંત્ર એમની એવી તો ખબર લઈ નાખે છે કે એમને જવાબ આપવો ભારે પડી જાય છે. સવિશેષ છેલ્લે તો જજોની નિમણૂંક મુદ્દે કેન્દ્ર અને સુપ્રીમ કોર્ટ વચ્ચે ઉગ્ર વિવાદ ચાલતો રહ્યો છે. પ્રણાલીગત કૉલેજિયમને બદલે નવી વ્યવસ્થા ઊભી કરવાના સરકારી પ્રયાસો સામે ન્યાયપાલિકાએ વારંવાર નારાજગી પ્રદર્શિત કરેલ છે. છેલ્લે ગત શનિવારે હાઈકોર્ટની સંખ્યાબંદ ખાલી જગ્યાઓ સરકાર નહીં ભરતી હોવાનું જણાવી કેટની કોન્ફરન્સમાં સરકારનો ઊધડો લીધો હતો. તો વળી બંધારણ દિવસની ઉજવણીમાં જસ્ટિસ ટી એસ ઠાકુરે વિવિધ ન્યાયિક ટ્રિબ્યુનલોને સરકાર પૂરતી સુવિધા ઉપલબ્ધ નહીં કરાવતી હોઈ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજો ટ્રિબ્યુનલના ચેરમેન નહીં કરાવતી હોઈ સુપ્રીમકોર્ટના નિવૃત્ત જજો ટ્રિબ્યુનલના ચેરમેન થવા તૈયાર નથી, એવું નિવેદન પણ કર્યું હતું. સરકારને ઘણા પ્રસ્તાવ મોકલાવ્યા છતાં નીંભર બેદરકારી જ જોવા મળી છે, જેથી કેસોનો ભરાવો થયો જાય છે. જજોને નિવાસસ્થાન પણ ઉપલબ્ધ ન કરાવાય તો કયો નિવૃત્ત જજ ટ્રિબ્યુનલની ચેરમેનશિપ સ્વીકારશે? ટૂંકમાં જસ્ટિસ ઠાકુરનો પુણ્યપ્રકોપ કેન્દ્ર સામે એવી ઉગ્રતાપૂર્વક પ્રદર્શિત થયો કે સરકાર તરફથી એટર્ની જનરલ મુકુલ રોહતગી અને ખુદ કેન્દ્રીય કાયદામંત્રીએ એનો જવાબ આપવા મજબૂત થવું પડ્યું - એટર્ની જનરલે સુપ્રીમ કોર્ટને - ન્યાયપાલિકાને 'લક્ષ્મણ રેખા'ની યાદ અપાવી. ન્યાયપાલિકાને પોતાની સત્તા છે એમાં જ રહીને આત્માવલોકન કરવાની સલાહ અપાઈ ત્યારે જસ્ટિસ ઠાકુરે પણ ખુલાસો કરવો પડ્યો કે ન્યાયપાલિકાએ તો સરકારમાં પણ કોઈ લક્ષ્મણરેખા ના ઓળંગે એનું ધ્યાન રાખવાનું છે. એ ન્યાયપાલિકાનો અધિકાર છે. સંસદે પસાર કરેલ કોઈ કાયદો પણ બંધારણ સાથે સુસંગત ન હોય તો અદાલત એને રદ કરી શકે છે. પ્રજાને છેલ્લો વિશ્વાસ સુપ્રીમ કોર્ટ પર જ હોય છે. કાયદામંત્રી રવિશંકર પ્રસાદે ન્યાયાધીશોની નિમણૂકની પ્રક્રિયા ચાલુ હોવાની રજૂઆત કરી અને સુપ્રીમ કોર્ટને દર્પણ દેખાડવાનો પ્રયાસ પણ કર્યો. એમણે ઈંદિરા ગાંધીએ લાદેલ ઈમર્જન્સી દરમિયાન સુપ્રીમ કોર્ટે અપનાવેલ વલણની ટીકા કરી અને હાઈકોર્ટોની પ્રશંસા કરી. આમ સરકાર અને ન્યાયપાલિકા વચ્ચેનો ગજગ્રાહ સપાટી પર આવી જતાં અંતે તો પ્રજામાં સરકારની ઈમેજને જ ઘસારો પહોંચ્યો છે. જયારે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ જ કોર્ટરૂમો છે પણ હાઈકોર્ટોમાં ૫૦૦ જજોની જગ્યાઓ ખાલી હોવાથી ફરિયાદ કરતા હોય તો સ્વાભાવિક રીતે જ સરકારના રેઢિયાળ અભિગમ પ્રત્યે પ્રજામાં નકારાત્મક સંદેશ જ જાય. કૉલેજિયમમાં સરકારની દખલગીરી પછી સુપ્રીમ કોર્ટ નારાજ રહેતી આવી છે અને સરકારને શાબ્દિક ચાબખા મારતી રહે છે. આ વખતે પણ 'લક્ષ્મણરેખા'ના મુદ્દે બેઉ પાંખો એકમેકની સામે આવી જતાં કલેશમય વિસંવાદની સ્થિતિ સરજાઈ હતી. સરકાર સુપ્રીમ કોર્ટને એની લક્ષ્ણણરેખા બતાવવા ગઈ ત્યાં ચીફ જસ્ટિસે સરકારની જ ખબર લઈ નાખી. આખરી સત્તા ચૂંટાયેલી પાંખ - અર્થાત્ સરકારની પાસે જ છે, તેનો સુપ્રીમ કોર્ટે સ્વીકાર કરે છે, પરંતુ બંધારણ મુજબ ન વર્તે ત્યારે સુપ્રીમ

**તંત્રીસ્થાનેથી...**

કોર્ટે એને કડક શબ્દોમાં ઠપકારે તે પણ પ્રજાના હિતમાં જ છે. લોકશાહી મૂલ્યો બચાવવાનું કામ છેવટે તો પ્રજાનું છે અને એની નૈતિક જવાબદારી અદાલતે સ્વીકારેલી છે. આપણે જો વિશ્વની મહાન લોકશાહી હોવાનું ગૌરવ લેતા હોઈએ તો આ બેઉ પાંખો - કાર્યપાલિકા અને ન્યાયપાલિકા વચ્ચે સંવાદ જળવાઈ રહે તે જરૂરી છે.

# સ્મિતમાં અદ્ભૂત તાકાત રહેલી છે



'સ્માઈલથી દુશ્મનને પણ વશ કરી શકાય છે. એક સ્મિતમાં અદ્ભૂત તાકાત રહેલી છે.' આવું લખાણ મારા વાંચવામાં આવ્યું. મેં નિર્ધાર કરી લીધો કે મારે પત્નીને વશમાં કરી લેવી. જો દુશ્મન પણ મિત્ર બની જતો હોય તો પત્ની કયા ચીજ હૈ ?

આજે સવારે એ ઊઠી, હું પણ જાગી ગયો, ને પથારીમાં સૂતા સૂતા મેં એને સ્માઈલ આપ્યું. એણે એ રીતે ઈગ્નોર કર્યું કે જાણે હું ઊંઘમાં હસતો હોઉં. મારા સ્માઈલને પહેલો આઘાત લાગ્યો. પરંતુ મેં હાર ન માની. એ રસોડામાં ચ્હા બનાવવા ગઈ ત્યાં જઈને મેં શસ્ત્ર ઉગામ્યું. (સ્માઈલનું સ્તો) એણે એ રીતે ઘુરકિયાં કર્યા કે મને હમણાં ચોટ મારી દેશે. હું ઘભરાઈને રસોડાની બહાર નિકળી ગયો. પરંતુ હાર માને તો આપણે લેખક શાના ?

આપણે તો કરોળિયાં પાસેથીય શીખવાવાળા એટલે વણ તૂટેલે તાંતણે પ્રયત્નો ચાલુ જ રાખ્યાં. બ્રશ આદિ ક્રિયા પતાવીને અમે બન્ને ચ્હા પીવા બેઠા. એ તકનો લાભ લઈ મેં એક મોટું સ્માઈલ આપ્યું. સામે એણે જે પ્રશ્ન કર્યો, તેનાથી મને મોટો આઘાત લાગ્યો. મેં કહયું કે ખાખરની ખિસકોલી સાકરનો સ્વાદ શું જાણે ! આ વાકય હું મનમાં બોલ્યો. તેણે પ્રશ્ન કર્યો કે,'આજે તમને શું થયું છે ?વારે વારે દાંત કેમ દેખાડો છો ?'

અપમાન સહન કરીને પણ બંદાએ સ્માઈલથી પત્નીને વશ કરવાના પ્રયત્નો ચાલું જ રાખ્યાં. વીર યોધ્ધાઓ યુદ્ધ જીતવા માટે પોતાના અસ્ત્ર-શસ્ત્રને ધારદાર બનાવે તેમ આપણે પણ 'સ્માઈલ' ને ઈસ્માઈલ માંથી બહાર કાઢી એક આકર્ષક 'સ્માઈલ' કેવી રીતે આપી શકાય એ માટે અરિસા સામે ઊભા રહીને સ્માઈલ આપવાની સ્ટાઈલ શીખવાનો પ્રયત્ન આદર્યો.

ઘરની લાયબ્રેરીમાં ખાં-ખાં ખોળા કરતાં 'સ્માઈલ એક અદ્ભૂત જડીબુટ્ટી' પુસ્તક હાથ લાગ્યું. સ્માઈલ આપવાની વિશિષ્ટ પધ્ધતિઓને ઝડપથી વાંચી ગયો.ગમે તે થાય જે કરવું પડે, જેવું અને જેવી રીતે કરવું પડે પણ મંઝિલ સુધી તો પહોંચવું જ, એ નકકી. ડગલુ ભર્યુ કે ના હટવું, ના હટવું.

એક મબલખને ભરપુર સ્મિત આપીને જ જંપવું ને સામે,પોઝીટીવ રિસ્પોન્સ મેળવવો જ, એમ નકકી કરવામાં આવ્યું. ન્હાઈને એ જયારે છુટ્ટાવાળ સાથે આવી ત્યારે ડ્રોઈંગરૂમમાં એક સુંગંધ પ્રસરી ગઈ. એ જાણણીતણીઆહ્લાદક સુગંધનો હું પહેલેથી જ દિવાનો. વાળની સુગંધ લીધા વગર ન જ રહું પરંતુ આજે હું 'સ્માઈલ મિશન' લઈને બેઠો હતો એટલે આ બધાજ પ્રલોભનોનો મેં ત્યાગ કર્યો. મારી પત્નીને નવાઈ તો લાગી. પરંતુ બંદા તો જે નકકી કરે એ કરે જ.



**અદબ-પલાંઠી મોં પર આંગળી**
ડો. સંતોષ દેવકર

દરરોજના ક્રમ મુજબ તેણે પૂજાની થાળી હાથમાં લઈ પ્રભુ પ્રાર્થના કરવા લાગી. બંદાએ નકકી કર્યું કે આ સરસ મોકો છે. અધ્યાત્મિક, ભકિતભાવવાળું વાતાવરણ છે તો કદાચ સ્માઈલની ''સર્જીકલ સ્ટ્રાઈક ''સકસેસ જવાના ચાન્સીસ વધારે છે. પત્નીને સ્માઈલ આપવાની અને તે થકી તેને વશ કરવાની આ તમામ વિધિની વીડીઓ રેકોર્ડીંગ કરવાનો પણ વિચાર આવી ગયો. રખે ને કોઈ સાબિતી માગે તો શો જવાબ આપીશું ?

એટલામાં મોટેથી આદેશ થયો. 'સાંભળો છો, રસોડામાં દૂધ મૂકયું છે તે થોડી વાર રસોડામાં ઊભા રહીને ગરમ થાય એટલે ગેસ બંધ કરી દેજો.' આદેશ સાંભળવા ટેવાયેલા મારા પગ રસોડા તરફ વળ્યાં. દૂધનું ગરમ થવું ને પત્નીનું ગરમ થવું, દૂધનું ઊભરાવવું ને પત્નીનું છલકાવું, મનોમન સરખામણી કરતો હતો ત્યાં મારી સામે જ તપેલીમાંથી દૂધ ઊભરાઈને

**અનુસંધાન પાના નં. ૭ પર**

# ચાલો એ રીતે તો કચરો ઓછો થયો ધરતીનો, સુણ્યુ છે... ધનપતિઓ ચંદ્ર પર રહેવા જવાના છે

રોટી, કપડા ઓર મકાન માનવીની તાતી જરૂરિયાત, અતિ આવશ્યક સાધનો અને આ ત્રણેય મેળવવા માટેની ચાવી એટલે વિટામીન - 'એમ : મની, પૈસા - રૂપિયા.'

'નાણા વગરનો નાથિયો નાણે નાથાલાલ.' પૈસા જ સર્વસ્વ છે અને રહેશે. કારણ કે આપણને પહેલેથી જ ઠસાવવામાં આવ્યું છે કે પૈસો એ જ પરમેશ્વર છે. પણ ખરેખર તો પરમેશ્વરથી જ પૈસો છે એ ગર્ભિતાર્થ આપણે કયારે સમજશું?

તમારા પૈસાદાર હોવાથી વ્યાખ્યા શું છે? જયારે લોકો તમારી અદેખાઈ કરે ત્યારે સમજવું કે તમે પૈસાદાર થયા છો. જો બીજાને તમારા પૈસાની અદેખાઈ નથી તો તમારી પાસે પૈસા હોવાનો કોઈ મતલબ નથી.

પૈસાને સર્વસ્વ બનાવનારીને રતાંધળાપણાની જેમ ધનાંધળાપણું લાગે પડે છે. પૈસાની ચમક પાછળ તેની આંખ અંજાયેલી હોવાથી એ બીજું કાંઈ જોઈ શકતો નથી. મારાથી વધુ કમાયો છે એટલે એ ચોરટો છે, મારાથી ઓછું કમાય છે, તે બબુચક છે - લલ્લુઓને પૈસા કમાતા આવડતું નથી, પૈસાદાર હોય તો, માળો ! ઊંલટા, સીધા, આડા-તેડા ગમે તેમ કરીને લક્ષ્મી ભેગી કરી લાગે છે - એમ કહેતા ફરીએ.

પૈસાની ખાસિયાત એ છે એ હોય તોય મુસિબત ને ન હોય તોય મુશ્કેલી. શાહબુદ્દિન રાઠોડે કહ્યું છે તેમ - પ્રમાણસરની સંપત્તિ હોય તો ઈ માણસને સાચવે, એનાથી વધે એટલે માણસ એને સાચવતો થઈ જાય.

ખરેખર તો પહેલા વસ્તુવિનિયમ ચાલતો એ મજાની વાત હતી. વસ્તુના બદલામાં વસ્તુ આપી દેવાની, પણ જયારથી પૈસાનું ચક્કર ચાલુ થયું ત્યારથી માણસની માણસાઈ ડગમગવા લાગી છે.

અને કુદરતની ક્રુર મજાક એ છે કે સામાજિક અસમતોલન ઊભું થયું છે, એક વ્યક્તિ આખી જિંદગી નોકરી કરીને જે પી.એફ. જમા કરે છે; તેટલા રૂપિયા બીજો વ્યક્તિ ત્રણ મિનિટમાં ઘોડાની રેસમાં કમાઈ લે છે, રૂપિયાની કિંમત દરેક વ્યક્તિ માટે અલગ-અલગ છે. દિન-પ્રતિદિન પૈસાનું મૂલ્ય દીન થતું જાય છે, અને અત્યારે પૈસા એ ક્રેડિટ કાર્ડમાં વધઘટ થતાં આંકડા માત્ર છે.

પૈસાની અંદર એ તાકાત છે કે એ બધું જ શક્ય બનાવી શકે છે, રૂપિયા ફેંકો તમાશા દેખો. પૈસાથી શું નથી મળતું બોલો! ડિગ્રી મળે છે, નોકરી મળે છે, છોકરી મળે છે, મકાન મલે છે. એ.સી. મળે છે, ટી.વી. મળે છે, જંકફૂડ ગળચી શકીએ છીએ.

પૈસાની અંદર એ તાકાત છે, જ્ઞાન નથી મળતું, નોકરી મળે છે, આત્મસંતોષ નથી મળતો, છોકરી મળે છે - પ્રેમ નથી મળતો, મકાન મળે છે ઘર નથી મળતું, એ.સી. ખરીદાય છે આત્મીયતાની ટાઢક નથી સાંપડતી, ટી.વી. મલ્ટીપ્લેક્ષની ટિકિટ મળે છે પણ આનંદ નથી ખરીદાતો, પૈસાએ સમાજને વર્ગીકૃત - વિભાજીત કરી દીધો છે. પૈસાદાર, વધુ પૈસાદાર અને ઓછા પૈસાદાર અને આમાં મધ્યમવર્ગ અને ગરીબનો સમાવેશ થતો નથી, કયાંથી થાય આની ઉપર તો આ ત્રણ ઊભા છે.

પણ જે પૈસાદાર છે એ ખરેખર આનંદી છે ખરો! એક બૌદ્ધ સાધુએ કહ્યું હતું કે, હું એક ખમીસ અને એક ઘોડા સાથે તદન સુખી છું. કારણ કે હું એક સમયે એકથી વધારે ખમીશ પહેરી શકતો નથી, અને એકથી વધારે ઘોડા પર બેસી શકતો નથી. હીરાની રત્નજડિત ઘડિયાળ પહેરનાર અને એજન્ટાની કાંડા ઘડિયાળ પહેરનારની ઘડિયાળમાં ૯.૨૫ જ થઈ હોય છે, પાંચ લાખની ઘડિયાળ અને ૨૫૦ રૂપિયાની ઘડિયાળમાં એક જ ટાઈમ!

પૈસા હોવાથી માણસ બધું મેળવી લીધું હોવાના ભ્રમમાં આંટા મારે છે. પણ બે હાથે આખી જિંદગી ભેગુ કરનારો વ્યક્તિ ભૂલેચૂકેય બે આંગળીથી દાન આપી શકતો નથી, આવા વ્યક્તિ શેઠ નહીં શઠ કહેવાને યોગ્ય છે. એ ભૂલી જાય છે કે આ દુનિયામાં જે આપી શકે છે એ જ ખરો શેઠ છે. જગતમાં બીજાને માટે કાંઈ કરી જનારાઓ જ અમર રહ્યા છે. ઈતિહાસના ચોપડે કદી લોભિયાના નામ લખાયા નથી, જયારે ભામાશા, જગડુશા, કર્ણ-ધ્રુવતારકની જેમ આજે ય ચમકે છે.



**વિચારયાત્રા**
ડો. જય ઓઝા

લક્ષ્મીનો સંગ્રહ કરીને બેઠા હોય પછી મનમાં ફૂલાય કે અમે મહાન છીએ, એ સમયે મને એક વાંચેલી વાત યાદ છે, હાથની એક બાજુ દોરી બાંધશો તો તેની બીજી બાજુ ફૂલી જશે અને ફૂલી ગયેલા હાથને જોઈને તમને એમ માનો કે તમારામાં લોહી વધી ગયું છે! આવું જીવન હોય છે લોભિયાઓનું. સોજા ચડી ગયેલી કાયાને તંદુરસ્તી માની બેઠા હોય છે.

પાછા આ જ લોકો પૈસાના જોરે નામના કરી લેવા આરસની તકતી લગાવવા માટે તલપાપડ હોય છે. આટલા હજાર આપીશ તો મારા નામનો શિલાલેખ લખાશે અને હું અમર બની જઈશ. આવા ધનપતિઓથી ત્રાસી જઈને કદાચ જલન માતરીએ કહ્યું છે...

ચલો એ રીતે તો કચરો થશે ઓછો ધરતીનો,
સુણ્યું છે, ધનપતિઓ ચંદ્ર પર રહેવા જવાના છે!

પણ ખરેખર સાચી વાત જોઈએ તો પૈસાના અપરિગ્રહની વાત નથી કરતો. એવો દંભ નકામો છે કે પૈસાનો મોહ ન કરવો. પૈસો તો હાથનો મેલ છે, ભગવાન કરેને મારા હાથ મેલા જ રહે (અરે એ રીતે નહીં ભાઈ! મેલ ખર્યા કરે એમ) આ બધી શાણી વાતો સાંભળવામાં જ સારી છે. પૈસાને ત્વરિત ત્યાગ શક્ય જ નથી. કાંઈ રાતોરાત દુનિયાનો વ્યવહાર થોડો બદલાઈ જાય છે? જીવન જીવવા માટે પૈસા જરૂરી છે, પણ ગોટાળો કયાં થાય છે ખબર છે! આપણે જીવવા માટે પૈસા નથી કમાતા, પૈસા માટે જીવીએ છીએ.

Money is not everything
Money can do anything.

તા. ક. : આ લેખને અને ૫૦૦-૧૦૦૦ ની નોટબંધીને કોઈ લેવા દેવા નથી.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# માણસ કોઈ પણ પ્રકારના વ્યવહાર થકી સામેના માણસને ઉપયોગી થાય એ ભાવના જ મહત્ત્વની છે

'કહું છું, કાલે વહેલા મુંબઈ જવું છે તો ટેકસી બુક કરાવી?' મનીષાએ પતિને કહ્યું.

મહાશય હા એ હા કરી પરંતુ મોડી રાત સુધી ચાલેલું ઘરકામ અને લેખન, ભાંગતી રાતે વળી થોડા ગીતો અને કૉફીનો ટેસ્ટ, એમાં ગાડી બુક કરાવવાનું ભૂલી ગયા.

વહેલી સવારની ફલાઈટ હતી એટલે એલાર્મ મુક્યો અને માત્ર બે કલાકની ઉંઘ લઈને જાગ્યા ત્યારે ખ્યાલ આવ્યો કે એરપોર્ટ જવા માટેની ગાડી બુક કરવાનું તો રહી જ ગયું. તુરંત દીકરીને ભર ઊંઘમાંથી જગાડી, અને તેને ટેક્સી બુક કરવા માટે કહ્યું.

બધી વ્યવસ્થા ગોઠવી લીધી ફોન પર પછી દીકરીએ કહ્યું 'નિરાંતે પૂજા કરજો, ગાડી બુક થઈ ગઈ છે, અવાજ ઉપરથી અને સ્ટાઈલ ઉપરથી લાગ્યું કે કોઈ જેન્ટલમેન વાત કરી રહ્યા છે. He was talking is a very professional manner દીકરીએ ડેડીની ચિંતા હળવી કરતાં કહ્યું.'

સમય કરતા દસ મિનિટ વહેલા કાર આવી ગઈ, ફોન પર આવી ગયો. દીકરીને આવજો - જયશ્રી કૃષ્ણ કહીને મનીષા અને એના પતિ ગાડીમાં ગોઠવાયા. ગાડીમાં બેસતાં જ ડ્રાઈવરે 'ગુડ મોર્નિંગ સર' કહ્યું એના અવાજમાં માત્ર વ્યાવસાયિક વ્યવહાર નહિ બલકે ઉમળકો હતો. લાગ્યું કે એની બોલવાની લઢણ સૌરાષ્ટ્રની છે.

'તમે ચિંતા નહિ કરતા, સ્હેજ પણ ઓવર સ્પીડ નહિ થાઉં - રફ ડ્રાઈવીંગ નહિ કરું અને તોય તમને સમયસર એરપોર્ટ પહોંચાડી દઈશ.' એની સાથે થોડી વાતચીત થઈ તો એણે પુછયું, 'તમે અમદાવાદના નથી લાગતા..' જવાબમાં પતિ મૂંગો રહ્યો એટલે મનીષાએ કહ્યું, 'સાચી વાત છે હવે આ શહેરમાં રહીએ છીએ... પણ' વાત કાપીને એના પતિએ ક્હયું, 'તમને અમારું વતન કયું લાગે છે?' જવાબ મળ્યો.

'સૌરાષ્ટ્રના લાગો છો.'

'સાચી વાત છે, અમારું ગામ ભાવનગર...' એટલે વળી એણે કહ્યું, અરે તો તો આપણા ગામ એક જ કહેવાય.. મારું ગામ સિહોર છે... સિહોર-હાઈવે પર જ સોસાયટીમાં અમારું ઘર છે...'

ભાવનગરની સાવ નજીક ૨૨-૨૩ કિ.મી. અંતરે આવેલું છે ઐતિહાસિક અને પ્રાચીન નગર સિહોક. અહીં ગામની વચ્ચોવચ્ચ ઊંચા ડુંગર પર સિહોરી માતા બિરાજે છે. સિહોર ગામ કપોળ જ્ઞાતિના શ્રેષ્ઠીઓ અને દાતાઓનું ગામ ગણાય.કે સમયે અહીં ત્રાંબા-પિત્તળના વાસણોનો વ્યવસાય ધમધોકાર ચાલતો હતો. અહીંના દૂધના માવામાંથી બનેલા કણીદાર પેંડાનો સ્વાદ આજેય સ્વાદ શોખીનોની જીભ પર પાણી લાવી દે છે. સિહોર નગર સાથે જોડાયેલી અનેક ઐતિહાસિક કથાઓ ઈતિહાસના પાનાઓ પર લખાયેલી છે. અહીંના ભીંત ચિત્રો ચિત્રકળાની દુનિયામાં વિશેષ સ્થાન ધરાવે છે.

કાર ડ્રાઈવરનું ઘર આ નગરમાં હતું. હવે એ એના દીકરાના ભણતર અને કારકિર્દી માટે અમદાવાદમાં આવી વસ્યો હતો અને મહેનત કરીને પ્રમાણિકતાનો રોટલો રળી રહ્યો હતો. સિહોર ગામની વાતો કરતા કરતા એ બાળપણના સ્મરણોમાં સરી પડ્યો.

ઈબ્રાહીમભાઈ ૧૯૬૦ના દાયકાથી એસ.ટી. બસના વિભાગમાં ડ્રાઈવર તરીકે કામ કરતા હતા. ત્રણેક દાયકાથી નોકરી કરીને તેઓ સેવા નિવૃત્ત થયા ત્યારે એમનું ઊચિત સન્માન કરાયું હતું.

ઈબ્રાહિમભાઈ એ સમયે બસ ચલાવતા ત્યારે એમને એક આદત હતી, રસ્તામાં રોડ સાઈડ-હાઈવે પર કોઈ માણસ ઊભો હોય, આમની બસને આવતી જુએ અને હાથ ઊંચો કરે તો બસ સ્ટોપ ન હોય છતાં તેઓ ત્યાં એકાદ મિનિટ બસ ઊભી રાખતા અને પેસેન્જરને બેસાડી દેતા. કોઈ બસ ઉપડ્યા બાદ દોડતું આવતું દેખાય તો પણ ઊભી રાખીને એને બસમાં બેસાડતા. બસમાં બેસવા ધક્કા-મુક્કી થાય તો વ્યવસ્થા ગોઠવવામાં કંડકટરને સહાય કરતા અને સાંકડ-માકડપણે વધુ પેસેન્જરોને સમાવી લેવાનો આગ્રહ રાખતા.


એમના આ માનવતાપૂર્ણ અભિગમ પાછળનું સત્ય વ્યક્ત કરતા તેઓ કહેતા કે આ વાહન મારી રોજી-રોટી છે, એના થકી મારા જીવનનું ગાડું ચાલે છે તો સામા પક્ષે મારી પણ ફરજ છે કે મારે પણ એસ.ટી.ની છાપ લોકોમાં વધુ સારી બને, લોકો એસ.ટી. તંત્રને ઉપયોગીતાની દષ્ટિએ જુએ, એના થકી લોકોને ઉપયોગી થવાય એવો મારો પ્રયાસ હોવો જોઈએ. એક-બે વધુ પેસેન્જર બસમાં બેસે તો આખરે તો એસ.ટી.ને પૈસા જ આપી જવાનો છે ને! આમ એમણે સતત એસ.ટી.નો ફાયદો પણ જોયો અને લોકોને ઉપયોગી પણ થયા.



**અજવાળું - અજવાળું**
તુષાર જોશી

એમના આવા સહૃદય અને માનવતાસભર વ્યક્તિત્વથી એમના સાથીઓ અને લોકોમાં તેઓ લોકપ્રિય થયા હતા.''

'લ્યો, એરપોર્ટ સમયસર આપણે પહોંચી ગયા.' એમ કહી કાર ડ્રાઈવરે એની વાત પૂરી કરી. પૈસા સ્વીકાર્યા અને ચાલતી ગાડી એ નીકળ્યો એના માર્ગે - મનીષા અને તેના પતિએ પણ એક કર્તવ્યનિષ્ઠ ઈબ્રાહિમ ચાચાની વાતથી જીવન સંદેશનું સૂત્ર મળ્યાનો આનંદ અનુભવી એરપોર્ટમાં ગતિ કરી.



પ્રત્યેક વ્યક્તિ પોતે જયાં - જે સ્થાન પર કામ કરી રહી છે ત્યાં રહીને પોતાનું આત્મગૌરવ વધારી - સાથે સાથે માતૃસંસ્થાનું પણ ગૌરવ વધારી શકે એવી આ ઘટનાનું સહજ સ્મરણ આપણને માનવતાપૂર્ણ અભિગમની સુગંધથી સભર કરી જાય છે.

પેસેન્જરને થોડીક વધુ સુવિધા આપીને ઈબ્રાહીમ ચાચાએ અનેક લોકોના હૃદયમાં સ્થાન મેળવ્યું એમ જ વ્યક્તિ પોતે જે કામ કરી રહી હોય એમાં આજના જમાનામાં જેને વેલ્યુ એડિશન કહેવાય એવું થોડુંક લાગણીનું ટોપીંગ ઉમેરી દે તો એનો વ્યવહાર આપોઆપ સંવેદનશીલ બની જાય છે.

આખરે એક માણસના કોઈ પણ પ્રકારના વ્યવહાર થકી સામેના માણસને ઉપયોગી થવાની ભાવના જ મહત્ત્વની છે. અને એમાં પણ સાથે સાથે વ્યક્તિનું આત્મગૌરવ વધે - માતૃ સંસ્થાની ઈમેજ વધુ ઉજળી થાય ત્યારે વિશેષ આનંદ બંને તરફ પ્રગટતો હોય છે. આવી ઘટનાઓ સાંભળવા - જોવા મળે ત્યારે એમાંથી પ્રગટતા - માનવતાના - હકારાત્મકતાના દીવડા પ્રગેટ છે અને અજવાળું રેલાય છે.

તેજપુંજ :

ધાર્યું ધણીનું થાય, પરંતુ,
સત્ય કર્મ તું કરતો જા.

- દેશી ભજનવાણી